GJVD021531792025

# વડોદરાના મહે. ચોથા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા, વડોદરા

**ફોજદારી કેસ નં.૧૪૧૨૭૦/૨૦૨૫**
**આંક :**

**શ્રી સરકાર** ............**ફરીયાદી**

વિરુધ્ધ

**ભરતભાઈ શૈલેષભાઈ ભરવાડ,**
રહે. ગોકુળનગર, અમેરીકન સ્કુલની બાજુમાં,
આજવા રોડ, વડોદરા.

.............**આરોપી**

**ગુનો– જી.પી.એકટની કલમ–૯૦(ક) મુજબ**

**:: હુકમ ::**

**૦૧.** આ કામમાં ફરીયાદપક્ષના કેસની ટુંક વિગત જોતા, આ કામના આરોપી એ પોતાની ગાયોને છુટ્ટી મુકી બીજાઓની જીંદગી તથા રાહદારીઓને ઈજા કરે તે રીતે રખડતી છુટ્ટી મુકેલ હોય તે અંગેની ફરીયાદ આપવામા આવેલી અને તે અન્વયે પોલીસે જી.પી.એકટની કલમ–૯૦(ક) મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

**૦ર.** આરોપી હાજર થતા આરોપીને વિનામુલ્યે નકલો આપવામાં આવેલ છે ત્યારબાદ આરોપી તરફે **આંક–૦૪** થી ગુન્હા કબુલાત પુરસીસ રજુ કરેલ છે.ત્યારબાદ આરોપી વિરુધ્ધ **આંક – ૦પ** થી પ્લી નોંધવામાં આવેલ છે.

**૦૩.** આરોપી તરફેની રજુઆતો જોતા અજાણતા ગુનો થઈ ગયેલ છે અને તેનો પસ્તાવો છે અને ભવિષ્યમાં કોઈ ગુનો કરશે નહી તેવી ખાતરી આપે છે.વધુમાં એવી રજુઆત કરેલ છે કે, હાલનો ગુન્હો તેનો પ્રથમ ગુનો છે અગાઉ કોઈ ગુનામાં સંડોવાયેલ નથી જેથી ઓછામાં ઓછી સજા કરવા અને રહેમ રાખવા અરજ કરેલ છે.

**૦૪.** આરોપીને તેમની કબુલાત તેમની વિરુધ્ધ પુરાવો ગણાશે તેમજ સદર ગુના સબબ આરોપીને મહત્તમ કેટલી સજા થઈ શકે છે તેની પણ સ્પષ્ટ સમજ આપવા છતાં પણ આરોપી હાલનો ગુનો સ્વેચ્છાએ અને કોઈ પણ જાતના દાબ દબાણ વગર ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેવુ જણાવે છે.આરોપીએ આપેલ કબુલાત પુરસીસ અને કબુલાત પ્લી વંચાણે લેતા આરોપી એ પોતાનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે જેથી આરોપી સામેનો આક્ષેપીત ગુનો સાબીત માનુ છુ. નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧),જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરિચન્દ્ર ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે કે , જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. હાલના કામે આરોપીએ સ્વૈછીક કબુલાત આપેલ છે અને તેઓને ગુના સબબ પસ્તાવો વ્યકત કરેલ છે અને ભવિષ્યમાં કોઈ ગુનો નહી કરે તેવી મૌખીક ખાત્રી આપેલ છે જેથી આરોપીની સ્થીતિ અને સંજોગોને ધ્યાને લઈ ઓછી સજા/દંડ કરી તેને સુધરવાની તક આપવા ન્યાયોચીત માની કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ આ અદાલતનુ માનવુ છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૭૫ અન્વયે જી.પી.એકટની કલમ-૯૦(ક) મુજબના ગુનામાં તકસીરવાર ઠરાવી આરોપીને રૂા.૩૦૦/- (અંકે રુપીયા ત્રણ સો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો આરોપીને દિન-૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ ૧૩ મી માહે ડીસેમ્બર સને-૨૦૨૫ નાં રોજ સ્પે.સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.**

**તા.૧૩/૧૨/૨૦૨૫**
**સ્થળ : વડોદરા**

**(મહાવીરસિંહ રાજેન્દ્રસિંહ ઝાલા)**
**ચોથા એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**વડોદરા.**
**(જજ કોડ : જીજે૦૦૯૫૪)**